ક્રમાંકઃ બીકેએનએમયુ/એકેડેમિક/૪૩૮/૨૦૨૪ તા.૨૨/૦૩/૨૦૨૪

વિષય: GCAS પોર્ટલ દ્વારા પ્રવેશ પ્રક્રિયા અંતર્ગત જુદી-જુદી સમિતિઓની રચના કરવા બાબત.

સંદર્ભ: ૧. ગુજરાત કોમન એડમિશન સર્વિસીસ (જીકેસ) પોર્ટલ દ્વારા વિદ્યાર્થીઓની ફરજીયાત એડમિશન પ્રક્રિયા માટે ગુજરાત રાજ્યની ૧૪ સરકારી યુનિવર્સિટીમાં એડમિશન સેલ અને ગ્રીવન્સ રીડ્રેસલ સેલની રચના કરવા બાબતનો ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર, પરિપત્ર ક્રમાંક: પરચ-૨૦૨૪-૧૦૩-ખ૧, તા:૧૬-૦૩-૨૦૨૪

૨. યુનિવર્સિટી અને સંલગ્ન કોલેજમાં સ્નાતક કક્ષાનાં વિવિધ ડીગ્રી કોર્સ અને અભ્યાસક્રમમાં પ્રવેશ પ્રક્રિયા નિયત સમયપત્રક પ્રમાણે કરવા બાબતનો ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર, પરિપત્ર ક્રમાંક: પરચ-૨૦૨૪-૧૦૩-ખ૧, તા:૧૬-૦૩-૨૦૨૪

૩. વિભાગની તા.૨૧/૦૩/૨૦૨૪ની નોંધ પર મળેલ મંજુરી.

ભક્તકવિ નરસિંહ મહેતા વિદ્યાર્થીઓની શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ માટે વિવિધ સ્નાતક કક્ષાનાં ડિગ્રી કોર્સ (મેડીકલ, પેરા-મેડીકલ સિવાય) અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા માટેની પ્રવેશ પ્રક્રિયા ફરજીયાતપણે ગુજરાત કોમન એડમિશન સર્વિસીસ (GCAS) પોર્ટલ દ્વારા કરવાની થાય છે. જે અંતર્ગત માનનીય કુલપતિશ્રી ધ્વારા ઉક્ત સંદર્ભ મુજબની એડમિશન સેલ, ગ્રીવન્સ રીડ્રેસલ સેલ/ સમિતિઓની રચના કરેલ છે તથા તેમાં નીચે મુજબ નિમણૂંક કરવામાં આવે છે. એડમિશન સેલ ધ્વારા ઉક્ત પરિપત્રમાં દર્શાવ્યા મુજબની કામગીરી કરવાની થાય છે જેમાં પ્રવેશ માટેનાં નિયમોની રચના કરવી, કોલેજોનાં ઇન્ટેક નક્કી કરવા, પ્રવેશ પરીક્ષા, પ્રવેશ માટેનું સમયપત્રક વગેરે બાબતો સબબ કાર્યવાહી કરવાની રહે છે. એડમિશન સેલ ધ્વારા તેમજ ગ્રીવન્સ રીડ્રેસલ સેલ ધ્વારા રાજ્ય સરકારશ્રીનાં નિયમાનુસાર તેમજ સુચારૂ રીતે એડમિશન પ્રક્રિયા પૂર્ણ થાય તે માટે કાર્યવાહી કરવાની રહેશે.

GCAS (Gujarat Common Admission Services Portal) Admission Cell

| ક્રમ | હોદ્દો | વિદ્યાશાખા | | | | |
|---|---|---|---|---|---|---|
| | | વિનયન<br>(Arts ) | વાણિજ્ય<br>(Commerce) | વિજ્ઞાન<br>(Science) | શિક્ષણ<br>(Education) | કાયદા<br>(Law) |
| ૧ | નોડલ ઓફિસર | નામ: ડૉ. જયસિંહ ઝાલા<br>મોબાઈલ: 9409059121<br>ઈમેઈલ:<br>jaybzala@gmail.com | નામ: ડૉ. ભાવસિંહ ડોડિયા<br>મોબાઈલ: 9428014986<br>ઈમેઈલ:<br>bhavsinhdodia@yahoo.com | નામ: ડૉ. રાજેશ પી. ભટ્ટ<br>મોબાઈલ: 9426975482<br>ઈમેઈલ:<br>rpbhatt@live.com | નામ: ડૉ. જય ત્રિવેદી<br>મોબાઈલ:9879840296<br>ઈમેઈલ:<br>Jdtrivedi.2008@rediffmail.com | નામ: ડૉ. વિજયસિંહ સોઢા<br>મોબાઈલ: 9724500301<br>ઈમેઈલ:<br>vgsodha@gmail.com |
| ૨ | કો-ઓર્ડીનેટર (દરેક વિદ્યાશાખા માટે જરૂરિયાત મુજબ) | નામ: ડૉ. બલરામ ચાવડા<br>મોબાઈલ: 94272 28272<br>ઈમેઈલ:<br>balramchavda@gmail.com | નામ: ડૉ. દિનેશ દઢાણીયા<br>મોબાઈલ: 98256 25058<br>ઈમેઈલ:<br>dadadhania@rediffmail.com | નામ: ડૉ.સ્મિતા છગ<br>મોબાઈલ:<br>94290 98186<br>ઈમેઈલ:<br>smitachhag@yahoo.co.in | નામ: ડૉ. મહેશ જોધાણી<br>મોબાઈલ: 9924237186<br>ઈમેઈલ:<br>mkjodhani186@yahoo.in | નામ: ડૉ. સંજય ધાનાણી<br>મોબાઈલ: 9979341285<br>ઈમેઈલ:<br>dhanani.sanjaykumar@gmail.com |
| | | નામ: ડૉ. રાજેશ ડોડિયા<br>મોબાઈલ: 98794 88281<br>ઈમેઈલ:<br>rajeshdodiya2@gmail.com | નામ: ડૉ. સંદિપ વાઢેર<br>મોબાઈલ: 94272 79245<br>ઈમેઈલ:<br>shrispccollege@yahoo.co.in | નામ: ડૉ. વી.ડી. બકોતરા<br>મોબાઈલ: 9426734375<br>ઈમેઈલ:<br>vlbakotra@rediffmail.com | નામ: ડૉ. રામચંદ્ર મહેતા<br>મોબાઈલ:9978781148<br>ઈમેઈલ:<br>Ramchandramehta32@gmail.com | નામ: શ્રી ટી. આર. શર્મા<br>મોબાઈલ:<br>ઈમેઈલ:9824176317<br>trsharma2016@gmail.com |
| | | નામ: ડૉ. ઝમકુબેન સોજીત્રા<br>મોબાઈલ: 90334 12265<br>ઈમેઈલ:<br>principal2smacc@gmail.com | નામ: ડૉ. કે.આર.પરમાર<br>મોબાઈલ: 9427735990<br>ઈમેઈલ:<br>krparmar62@gmail.com | નામ: ડૉ. વી. ટી. થાનકી<br>મોબાઈલ: 99254 84083<br>ઈમેઈલ:<br>drvtthanki@gmail.com | નામ: ડૉ. કશ્યપ જોષી<br>મોબાઈલ: 9426977422<br>ઈમેઈલ: rgtspbr@gmail.com | |
| | | નામ: ડૉ. જેસિંગ વાંઝા<br>મોબાઈલ: 9427703570<br>ઈમેઈલ:<br>jesingvanza@gmail.com | નામ: ડૉ. જીગર રાવલ<br>મોબાઈલ: 9426230456<br>ઈમેઈલ:<br>drjigarraval@gmail.com | નામ: ડૉ.એસ..જી. ચોવટીયા<br>મોબાઈલ:9913301920<br>ઈમેઈલ:<br>Sandeep.spu@gmail.com | નામ: ડૉ. હિનાબેન ઓડેદરા<br>મોબાઈલ: 9499676862<br>ઈમેઈલ:<br>hinaodedra317@gmail.com | |
| | | નામ: ડૉ. અનુપમ નાગર<br>મોબાઈલ: 9979881990<br>ઈમેઈલ:<br>dranupamnagar09@gmail.com | નામ: ડૉ. દિનેશ ચાવડા<br>મોબાઈલ: 9173861986<br>ઈમેઈલ:<br>dineshchavda07@gmail.com | નામ: ડૉ. મનોજ ધડૂક<br>મોબાઈલ:9979930862<br>ઈમેઈલ:<br>drdmfk@gmail.com | નામ: ડૉ.કમલેશ પરમાર<br>મોબાઈલ: 9428589125<br>ઈમેઈલ:<br>kamleshp38@gmail.com | |
| | | નામ: ડૉ. એચ. ડી. ઝણકાત<br>મોબાઈલ: 98982 72742<br>ઈમેઈલ:<br>hdzankat@yahoo.co.in | નામ: ડૉ. પિયુષ મર્થક<br>મોબાઈલ: 9998861218<br>ઈમેઈલ:<br>piyushmarthak@gmail.com | નામ: ડૉ. જીતેન પરમાર<br>મોબાઈલ: 9429219839<br>ઈમેઈલ:<br>dr.jeetparmar@gmail.com | | |
| | | નામ: ડૉ. બી. એ. બારડ<br>મોબાઈલ: 98981 02728<br>ઈમેઈલ:<br>jspcollegekodinar@gmail.com | નામ: ડૉ. પ્રફુલ કાંજીયા<br>મોબાઈલ: 9427229090<br>ઈમેઈલ:<br>pbkjnd@gmail.com | નામ: ડૉ. ભરત બારૈયા<br>મોબાઈલ:9909943021<br>ઈમેઈલ:<br>drbbaria2612@gmail.com | | |
| | | નામ: ડૉ. સી. બી. કગથરા<br>મોબાઈલ: 99258 70206<br>ઈમેઈલ:<br>cbk_keshod@yahoo.com | નામ: ડૉ. કેતન શાહ<br>મોબાઈલ: 8320572135<br>ઈમેઈલ:<br>shahketan125@gmail.com | | | |
| | | નામ: ડૉ. એમ. જે. બંધીયા<br>મોબાઈલ: 94281 89307<br>ઈમેઈલ:<br>mj.bandhiya@yahoo.com | | | | |
| | | નામ: ડૉ. જે. એસ. રામદત્તી<br>મોબાઈલ: 95371 28091<br>ઈમેઈલ:<br>madhvanicollege@yahoo.com | | | | |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | | નામ: ડૉ. લલીત બારિયા<br>મોબાઈલ:9825977674<br>ઈમેઈલ:bariyalalit65@gmail.com | | | | |
| ૩ | કો-ઓર્ડીનેટર (એકાઉન્ટ & એડમીન) | નામ: ડૉ. મયંક સોની<br>મોબાઈલ: 8849650680<br>ઈમેઈલ:<br>arsoni@bknmu.edu.in | નામ: ડૉ. મયંક સોની<br>મોબાઈલ: 8849650680<br>ઈમેઈલ:<br>arsoni@bknmu.edu.in | નામ: ડૉ. મયંક સોની<br>મોબાઈલ: 8849650680<br>ઈમેઈલ:<br>arsoni@bknmu.edu.in | નામ: ડૉ. મયંક સોની<br>મોબાઈલ: 8849650680<br>ઈમેઈલ:<br>arsoni@bknmu.edu.in | નામ: ડૉ. મયંક સોની<br>મોબાઈલ: 8849650680<br>ઈમેઈલ:<br>arsoni@bknmu.edu.in |
| | | નામ: શ્રી કીર્તિબા વાઘેલા<br>મોબાઈલ: 02852681402<br>ઈમેઈલ:<br>accounts@bknmu.edu.in | નામ: શ્રી કીર્તિબા વાઘેલા<br>મોબાઈલ: 02852681402<br>ઈમેઈલ:<br>accounts@bknmu.edu.in | નામ: શ્રી કીર્તિબા વાઘેલા<br>મોબાઈલ: 02852681402<br>ઈમેઈલ:<br>accounts@bknmu.edu.in | નામ: શ્રી કીર્તિબા વાઘેલા<br>મોબાઈલ: 02852681402<br>ઈમેઈલ:<br>accounts@bknmu.edu.in | નામ: શ્રી કીર્તિબા વાઘેલા<br>મોબાઈલ: 02852681402<br>ઈમેઈલ:<br>accounts@bknmu.edu.in |
| ૪ | કો-ઓર્ડીનેટર (ટેકનીકલ) | નામ: ડૉ. જીતેન્દ્ર ભાલોડિયા<br>મોબાઈલ: 9426476765<br>ઈમેઈલ:<br>jvbhalodia@gmail.com | નામ: ભૂમિકા રાજગોર<br>મોબાઈલ: 8401101198<br>ઈમેઈલ:<br>bhumirajgor182@gmail.com | નામ: શ્રી વિજય પંડિત<br>મોબાઈલ: 9904112044<br>ઈમેઈલ:<br>vijaypandit501@gmail.com | નામ: ભૂમિકા રાજગોર<br>મોબાઈલ: 8401101198<br>ઈમેઈલ:<br>bhumirajgor182@gmail.com | નામ: ડૉ. જીતેન્દ્ર ભાલોડિયા<br>મોબાઈલ: 9426476765<br>ઈમેઈલ:<br>jvbhalodia@gmail.com |

**GCAS (Gujarat Common Admission Services Portal) ગ્રીવન્સ રીડ્રેસલ સેલ**

| ક્રમ | હોદ્દો | વિદ્યાશાખા | | | | |
|---|---|---|---|---|---|---|
| | | વિનયન (Arts ) | વાણિજ્ય (Commerce) | વિજ્ઞાન (Science) | શિક્ષણ (Education) | કાયદા (Law) |
| ૧ | ગ્રીવન્સ રીડ્રેસલ નોડલ ઓફિસર | નામ: ડૉ. એફ. એ. શેખ<br>મોબાઈલ: 9824294319<br>ઈમેઈલ:<br>firozjunagadh@bknmu.edu.in | નામ: ડૉ. એફ. એ. શેખ<br>મોબાઈલ: 9824294319<br>ઈમેઈલ:<br>firozjunagadh@bknmu.edu.in | નામ: ડૉ. એફ. એ. શેખ<br>મોબાઈલ: 9824294319<br>ઈમેઈલ:<br>firozjunagadh@bknmu.edu.in | નામ: ડૉ. એફ. એ. શેખ<br>મોબાઈલ: 9824294319<br>ઈમેઈલ:<br>firozjunagadh@bknmu.edu.in | નામ: ડૉ. એફ. એ. શેખ<br>મોબાઈલ: 9824294319<br>ઈમેઈલ:<br>firozjunagadh@bknmu.edu.in |
| ૨ | ગ્રીવન્સ રીડ્રેસલ નોડલ ઓફિસર (દરેક વિદ્યાશાખા માટે) | નામ: ડૉ. જીવાભાઈ વાળા<br>મોબાઈલ: 9898151068<br>ઈમેઈલ:<br>js.vala2@yahoo.com | નામ: ડૉ. મગન ત્રાડા<br>મોબાઈલ: 94288 35394<br>ઈમેઈલ:<br>maganbhai.t88@gmail.com | નામ: ડૉ. સુહાસ વ્યાસ<br>મોબાઈલ:9925016914<br>ઈમેઈલ:<br>vsuhas_13@yahoo.co.in | નામ: ડૉ. સંદિપ વાઢેર<br>મોબાઈલ: 94272 79245<br>ઈમેઈલ:<br>shrispccollege@yahoo.co.in | નામ: ડૉ. પરવેઝ બલોચ<br>મોબાઈલ: 9979553995<br>ઈમેઈલ:<br>p.y.bloch@gmail.com |

ડૉ. ડી. એચ. સુખડીયા
કા.કુલસચિવ

બિડાણઃ- સંદર્ભીત પત્રોની નકલ.

પ્રતિ, ઉક્ત સમિતિમાં નિયુક્ત નોડલ ઓફિસર, કો-ઓર્ડીનેટરશ્રીઓ તરફ...

**<u>નકલ સાદર રવાના:-</u>**

(૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી

**નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે:-**

(૧) આઈ.ટી.સેલ. વેબસાઈટ પર પ્રસિદ્ધ થવા અને યોગ્ય કાર્યવાહી અર્થે...

ગુજરાત કોમન એડમિશન સર્વિસીસ (જીકેસ) પોર્ટલ દ્વારા વિદ્યાર્થીઓની ફરજીયાત એડમિશન પ્રક્રિયા માટે ગુજરાત રાજ્યની ૧૪ સરકારી યુનિવર્સિટીમાં એડમિશન સેલ અને ગ્રીવન્સ રીડ્રેસલ સેલની રચના કરવા બાબત

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
સચિવાલય, ગાંધીનગર
પરિપત્ર ક્રમાંક : પરચ-૨૦૨૪-૧૦૩-ખ૧
તા: ૧૬-૦૩-૨૦૨૪

વંચાણે લીધા:

૧. શિક્ષણ વિભાગનો તા. ૧૫-૦૯-૨૦૨૩નો ઠરાવ ક્રમાંક:ED/KBG/e-file/3/2023/0514/KH-1

આમુખ:

શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના વંચાણે લીધેલ ક્રમ (૧) સામેના તા.૧૫-૦૯-૨૦૨૩ના ઠરાવ અન્વયે સામર્થ્ય સંસ્થાન પ્રકલ્પ અંતર્ગત ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરીના તાબા હેઠળની આ સાથે સામેલ યાદી મુજબની ૧૪ સરકારી યુનિવર્સિટી સંલગ્ન શૈક્ષણિક સંસ્થા/કોલેજમાં વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, એજ્યુકેશન, કાયદા તથા અન્ય વિદ્યાશાખામાં સ્નાતક, અનુસ્નાતક અને પી.એચ.ડી. કક્ષાના અભ્યાસક્રમોમાં વિદ્યાર્થીઓના પ્રવેશ માટે ગુજરાત કોમન એડમિશન સર્વિસીસ પોર્ટલ - જીકેસ (GCAS)ની રચના કરવામાં આવેલ છે. આ પોર્ટલ પર કરવાની થતી કામગીરીના તબક્કા મુજબ એડમિશન પ્રક્રિયા અન્વયે નીચે મુજબની સૂચનાઓ પરિપત્રિત કરવામાં આવે છે.

પરિપત્ર:

ગુજરાત રાજ્યની તમામ ૧૪-સરકારી યુનિવર્સિટીઓ તથા યુનિવર્સિટી સંલગ્ન તમામ સંસ્થા તેમજ કોલેજોએ આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ થી ફરજીયાત જીકેસ (GCAS) પોર્ટલ મારફતે જ રેગ્યુલર તથા એકસ્ટર્નલ વિદ્યાર્થીઓના રજીસ્ટ્રેશન કરાવીને પોર્ટલ પર કરવાની થતી કામગીરીના તબક્કા મુજબ એડમિશન પ્રક્રિયા હાથ ધરવાની રહેશે. તદઉપરાંત ભારત બહારના વિદ્યાર્થીઓના પ્રવેશ યુનિવર્સિટીઓએ જાતે જ કરવાના રહેશે તથા એડમિશન થયા બાદ તેવા

વિદ્યાર્થીઓની માહિતી યુનિવર્સિટીઓએ રજીસ્ટ્રેશન ફી સાથે જીકેસ પોર્ટલ પર અપલોડ કરવાની રહેશે.

ગુજરાત રાજ્યની તમામ ૧૪-સરકારી યુનિવર્સિટીઓએ સ્નાતક, અનુસ્નાતક અને પી.એચ.ડી. કક્ષાના ડીગ્રી કોર્સીસમાં પ્રવેશ માટે રજીસ્ટ્રેશન પ્રક્રિયાનું ટેકનિકલ અને એડમિનિસ્ટ્રેટિવ ઇન્ટીગ્રેશન ગુજરાત કોમન એડમિશન સર્વિસીસ (GCAS) પોર્ટલ સાથે કરવાનું રહેશે. ઉક્ત યુનિવર્સિટી અને સંલગ્ન કોલેજમાં વિવિધ ડિગ્રી કોર્સ અને અભ્યાસક્રમમાં, યુનિવર્સિટી દ્વારા નિયત કરવામાં આવતાં સત્ર મુજબ પ્રવેશ પ્રક્રિયાને લગતા અને પ્રવેશપાત્રતાના નિયમોની માહિતી વિદ્યાર્થીઓ માટે યુનિવર્સિટીની વેબસાઈટ તેમજ જીકેસ પોર્ટલ પર અગાઉથી જાહેર કરાવવાની રહેશે.

➢ <u>ગુજરાત કોમન એડમિશન સર્વિસીસ પોર્ટલ (GCAS) - જીકેસ પોર્ટલ પર કરવાની થતી કામગીરીના તબક્કા :</u>

1. ગુજરાત રાજ્યની ૧૪-સરકારી યુનિવર્સિટી કે યુનિવર્સિટી સંલગ્ન સંસ્થા/કોલેજોમાં સ્નાતક, અનુસ્નાતક અને પીએચ.ડી. કક્ષાના ડીગ્રી કોર્સીસમાં પ્રવેશ માટે વિદ્યાર્થીએ જીકેસ પોર્ટલ પર રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે જેની પ્રક્રિયા નીચે મુજબ રહેશે:
   - જીકેસ પોર્ટલ અંગ્રેજી અને ગુજરાતી એમ બંને ભાષાઓમાં ઉપલબ્ધ છે.
   - વિદ્યાર્થીએ https://gcas.gujgov.edu.in પર ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવાનું રહેશે.
   - વિદ્યાર્થીએ પોતાની પ્રાથમિક માહિતી ભરીને મોબાઈલ નંબર અને ઈમેલ એડ્રેસ રજીસ્ટર કરાવવાના રહેશે. યુઝરનેમ અને પાસવર્ડ વિદ્યાર્થીના રજીસ્ટર્ડ ઈમેલ આઇડી પર અને રજીસ્ટર્ડ કોન્ટેક્ટ નંબર પર મોકલવામાં આવશે.
   - રજિસ્ટ્રેશનની વધુ જાણકારી માટે:
     https://gcasstudent.gujgov.edu.in/applicants/QuickRegistration.aspx
   - વિદ્યાર્થીએ પોતાની બેઝીક પ્રોફાઇલ (Profile) ની માહિતી, શૈક્ષણિક (Academic) માહિતી તેમજ જરૂરી આધારો જેવા કે, શાળા છોડ્યાનું પ્રમાણપત્ર, માર્કશીટ, જાતિ પ્રમાણપત્ર, આવકનો દાખલો, વિદ્યાર્થીનો સ્કેન કરેલ ફોટોગ્રાફ અને સિગ્નેચર વગેરે લાગુ પડતાં દસ્તાવેજો પોર્ટલ પર અપલોડ કરવાનાં રહેશે.
   - વિદ્યાર્થી જે ડીગ્રી કોર્સ, યુનિવર્સિટી કે તેને સંલગ્ન સંસ્થા/કોલેજમાં પ્રવેશ લેવા માંગે છે તેની પસંદગી (Choice) કરવાની રહેશે.

- જીકેસ પોર્ટલની રેજીસ્ટ્રેશન ફી (Payment) ₹ ૩૦૦/- ઓનલાઈન માધ્યમથી ચુકવવાની રહેશે.
- ભરેલી વિગતોની સમીક્ષા કરી અરજી સબમિટ (final Submit) કરવાની રહેશે.
- પ્રવેશ અરજી કરવાની પ્રક્રિયાની વધુ જાણકારી માટે કરવાની રહેશે: https://gcas.gujgov.edu.in/Content/general-instructions-196
- રજિસ્ટ્રેશન પ્રક્રિયા સંબંધિત કોઈપણ સહાયતા માટે ઈ-મેઈલ:- support-gcas@gujgov.edu.in

2. પોર્ટલ પર અરજી કરેલ વિદ્યાર્થીઓની માહિતી જે તે યુનિવર્સિટી અને સંલગ્ન શૈક્ષણિક સંસ્થા/કોલેજોના લોગઈનમાં/API થી જીકેસ પોર્ટલ મારફતે પૂરી પાડવામાં આવશે.

3. યુનિવર્સિટી સંલગ્ન શૈક્ષણિક સંસ્થા/કોલેજોએ ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી દ્વારા પ્રસિદ્ધ કરાયેલ નિયત સમયપત્રક મુજબ પ્રવેશ કાર્યવાહી કરવાની રહેશે તથા તેની જાણ જીકેસ પોર્ટલ મારફતે કરવાની રહેશે.

4. જરૂરીઆત મુજબ સમયમર્યાદામાં પ્રવેશ પ્રક્રિયાના દ્વિતીય અને તૃતીય રાઉન્ડ તેમજ પુરક પરીક્ષામા ઉત્તિર્ણ થયેલા વિદ્યાર્થીઓના પ્રવેશની કાર્યવાહી પૂર્ણ કરવાની રહેશે.

આ ઉપરાંત તમામ ૧૪-સરકારી યુનિવર્સિટીઓ તથા તેમની સાથે સંલગ્ન તમામ સંસ્થા તેમજ કોલેજોએ આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫થી નીચે મુજબની સમિતિઓની રચના કરવાની રહેશે તથા તેની જાણ પત્ર તથા ઈ-મેઈલ મારફતે ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરીને કરવાની રહેશે.

૧. યુનિવર્સિટીઓમાં તેમજ કોલેજોમાં એડમીશન સેલ અને ગ્રીવન્સ રીડ્રેસલ સેલની રચના કરવા બાબત.

ગુજરાત કોમન એડમિશન સર્વિસીસ (જીકેસ) પોર્ટલ દ્વારા વિદ્યાર્થીઓના એડમિશન માટે તમામ યુનિવર્સિટીમાં એડમિશન સેલ અને ગ્રીવન્સ રીડ્રેસલ સેલની રચના કોષ્ટક- ૧ અને કોષ્ટક-૨ મુજબ કરવાની રહેશે. યુનિવર્સિટી દ્વારા વિવિધ વિદ્યાશાખાઓ, સંલગ્ન કોલેજો અને વિદ્યાર્થીઓ માટે ઉપલબ્ધ બેઠક (ઇન્ટેક) સંખ્યાની જરૂરિયાતને ધ્યાને લઈ પ્રવેશ પ્રક્રિયાના સુચારું સંચાલન માટે અધિકારીશ્રીઓની નિયુક્તિ કરીને, તેઓના નામ, મોબાઈલ નંબર અને ઈ-મેઈલ એડ્રેસ સાથેની અધ્યતન માહિતી સમયાંતરે જીકેસ પોર્ટલ પર ઉપલબ્ધ કરાવવાની રહેશે.

### કોષ્ટક-૧ જીકેસ એડમીશન સેલ યુનિવર્સિટી અને કોલેજ

| ક્રમ | હોદ્દો |
| --- | --- |
| ૧ | નોડલ ઓફિસર |
| ૨ | કો-ઓર્ડીનેટર (દરેક વિદ્યાશાખા માટે જરૂરીયાત મુજબ) |
| 3 | કો-ઓર્ડીનેટર (એકાઉન્ટ & એડમીન) |
| ૪ | કો-ઓર્ડીનેટર (ટેકનિકલ) |

### કોષ્ટક-૨ જીકેસ ગ્રીવન્સ રીડ્રેસલ સેલ યુનિવર્સિટી અને કોલેજ

| ક્રમ | હોદ્દો |
| --- | --- |
| ૧ | ગ્રીવન્સ રીડ્રેસલ નોડલ ઓફિસર |
| ૨ | ગ્રીવન્સ રીડ્રેસલ નોડલ ઓફિસર (દરેક વિદ્યાશાખા માટે) |

## ૨. સરકારી અને બિનસરકારી અનુદાનિત કોલેજોમાં હેલ્પ સેન્ટરની રચના કરવા બાબત.

ગુજરાત કોમન એડમિશન સર્વિસીસ (જીકેસ) પોર્ટલ પર વિદ્યાર્થીઓના રજીસ્ટ્રેશન અને પ્રવેશપ્રક્રિયા માટે યોગ્ય માર્ગદર્શન આપી મદદરૂપ થવા માટે, યુનિવર્સિટી સંલગ્ન તમામ સરકારી અને બિન સરકારી અનુદાનિત કોલેજોમાં હેલ્પ સેન્ટરની રચના સુનિશ્ચિત કરાવવા માટે યુનિવર્સિટી કક્ષાએથી જરૂરી આદેશો કરવાના રહેશે અને દરેક સંલગ્ન હેલ્પ સેન્ટરમાં નીચે કોષ્ટક- 3 માં દર્શાવ્યા મુજબના અધિકારીશ્રીઓની નિમણુંક કરી, તેઓના નામ, મોબાઈલ નંબર અને ઈ-મેઈલ એડ્રેસ સાથેની અધ્યતન માહિતી પોર્ટલ પર ઉપલબ્ધ કરવવાની રહેશે.

### કોષ્ટક -3 હેલ્પ સેન્ટર

| ક્રમ | હોદ્દો |
| --- | --- |
| ૧ | નોડલ ઓફિસર |
| ૨ | કોલેજ કો-ઓર્ડીનેટર (દરેક વિદ્યાશાખા માટે) |
| 3 | કો-ઓર્ડીનેટર (એકાઉન્ટ & એડમીન) |

ઉપરોક્ત દર્શાવ્યા મુજબની સમિતિઓની રચના જે તે યુનિવર્સિટી અને કોલેજ કક્ષાએ કરીને રજીસ્ટ્રાર / આચાર્યશ્રીના સહી સિક્કા સાથે અત્રેની કચેરીને પત્રથી જાણ કરવાની રહેશે તેમજ તેની સોફ્ટ કોપી info-gcas@gujgov.edu.in પર ઈ-મેઈલ કરવાની રહેશે.

ઉક્ત પરીપત્ર સરકારશ્રીની સિંગલ ફાઇલ પર તા.૧૨-૦૩-૨૦૨૪ના રોજ મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(મનોજ વાઘ)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન. શિક્ષણ મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક શિક્ષણ મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી, બ્લોક નં.૧૨, બીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- અંગત મદદનીશશ્રી,અગ્ર સચિવશ્રી(ઉ અને ટે.શિ),શિક્ષણ વિભાગ,બ્લોક નં-૫/૮, સચિવાલય, ગાંધીનગર
- એડવાઇઝરશ્રી, કે.સી.જી., પ્રજ્ઞાપુરમ, એલ. ડી.ઇજનેરી કોલેજ કેમ્પસ, પી.આર.એલ.ની સામે, નવરંગપુરા, અમદાવાદ
- રજીસ્ટ્રાર, તમામ યુનિવર્સિટી) કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી મારફત(
- સેકશન અધિકારીશ્રી, (ખ અને ખ-૨ શાખા), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- શાખા સિલેક્ટ ફાઇલ

યુનિવર્સિટી અને સંલગ્ન કોલેજમાં સ્નાતક કક્ષાના વિવિધ ડિગ્રી કોર્સ અને અભ્યાસક્રમમાં પ્રવેશ પ્રક્રિયા નિયત સમયપત્રક પ્રમાણે કરવા બાબત.

# ગુજરાત સરકાર

શિક્ષણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર

પરિપત્ર ક્રમાંક : પરચ-૨૦૨૪-૧૦૩-ખ૧

તા : ૧૬-૦૩-૨૦૨૪

વંચાણે લીધા:

**૧.** શિક્ષણ વિભાગનો તા. ૧૫-૦૯-૨૦૨૩નો ઠરાવ ક્રમાંક:ED/KBG/e-file/3/2023/0514/KH-1

**૨.** શિક્ષણ વિભાગનો તા.૧૫-૦૩-૨૦૨૩નો પરિપત્ર ક્રમાંક : પરચ-૨૦૨૪-૧૦૩-ખ૧

પરિપત્ર:

શિક્ષણ વિભાગના વંચાણે લીધા ક્રમ (૧) સામેના ઠરાવથી સામર્થ્ય સંસ્થાન પ્રકલ્પ અંતર્ગત ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરીના તાબા હેઠળની ૧૪-સરકારી યુનિવર્સિટી સંલગ્ન શૈક્ષણિક સંસ્થા/કોલેજમાં વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, એજ્યુકેશન, કાયદા તથા અન્ય વિદ્યાશાખામાં સ્નાતક, અનુસ્નાતક અને પીએચ.ડી. કક્ષાના અભ્યાસક્રમોમાં વિદ્યાર્થીઓના પ્રવેશ માટે ગુજરાત કોમન એડમિશન સર્વિસીસ પોર્ટલ - જીકેસ (GCAS)ની રચના કરવામાં આવેલ છે.

શિક્ષણ વિભાગના વંચાણે લીધા ક્રમ (૨) સામેના પરિપત્રથી આ પોર્ટલ પર કરવાની થતી કામગીરીના તબક્કા મુજબ એડમિશન પ્રક્રિયા અન્વયે જરૂરી સૂચનાઓ પરિપત્રિત કરવામાં આવેલ છે. જેના અનુસંધાને ગુજરાત રાજ્યની તમામ ૧૪-સરકારી યુનિવર્સિટીઓને સ્નાતક કોર્સીસમાં પ્રવેશ માટે રજીસ્ટ્રેશન પ્રક્રિયાનું ટેકનિકલ અને એડમિનિસ્ટ્રેટિવ ઇન્ટીગ્રેશન ગુજરાત કોમન એડમિશન સર્વિસીસ (GCAS) પોર્ટલ સાથે કરવાની જરૂરિયાત જણાય છે. યુનિવર્સિટી અને સંલગ્ન કોલેજમાં વિવિધ ડિગ્રી કોર્સ અને અભ્યાસક્રમમાં પ્રવેશ પ્રક્રિયા યુનિવર્સિટી દ્વારા નીચે મુજબના સમયપત્રક પ્રમાણે કરવાની રહેશે.

## સમયપત્રક

| ક્રમ | કામગીરી | સમયગાળો |
|---|---|---|
| ૧ | તમામ પ્રવેશવાંછુ વિદ્યાર્થીઓએ પ્રવેશ માટે જીકેસ પોર્ટલ પર રજીસ્ટ્રેશન કરાવી બેઝીક માહિતી (profile) સાથે પોતાને જે તે કોલેજ માં પસંદગીનાં કોર્સમાં | ગુજરાત બોર્ડ (GSHSEB) ધોરણ ૧૨ની પરીક્ષા પૂર્ણ થયા બાદ ૧-૪-૨૦૨૪ થી શરૂ. |

| | | |
|---|---|---|
| | અભ્યાસ કરવો હોય તે પસંદગી (Choice) આપી ઓનલાઈન અરજી કરવાની રહેશે. | |
| ૨ | તમામ પાસ થયેલા પ્રવેશવાંછુ વિદ્યાર્થીઓએ પ્રવેશ માટે જીકેસ પોર્ટલ પર શૈક્ષણીક માહિતી (Academic) ભરી ઓનલાઈન ફી (Payment) ભરવાની રહેશે. તેમજ અરજી ફાઈનલ સબમીટ કરવાની રહેશે. | ગુજરાત બોર્ડ (GSHSEB) ધોરણ ૧૨નું પરિણામ જાહેર થયાના બે અઠવાડિયામાં પૂર્ણ કરવું. |
| ૩ | પોર્ટલ ઉપર મુકેલ હેલ્પસેન્ટરની યાદી મુજબ લાગુ પડતા વિદ્યાર્થીઓએ નજીકની કોલેજ ખાતેના હેલ્પ સેન્ટરમાં જઈને પોતાના ઓરિજીનલ તમામ ડોક્યુમેન્ટસનું વેરીફીકેશન કરાવવાનું રહેશે. | ઉપરોક્ત ક્રમાંક-૨ માં દર્શાવેલ સમયગાળા સહિત ગુજરાત બોર્ડ (GSHSEB) ધોરણ ૧૨નું પરિણામ જાહેર થયાના ત્રણ અઠવાડિયા સુધીમાં પૂર્ણ કરવું. |
| ૪ | ડોક્યુમેન્ટસ વેરીફીકેશન થયા બાદ જે કોઈ યુનિવર્સિટીઓએ રજીસ્ટર્ડ વિદ્યાર્થીઓને યુ. જી. કોર્સીસમાં એન્ટ્રન્સ ટેસ્ટ (પ્રવેશ પરીક્ષા) લઈને પ્રવેશ આપવાનો હોય તેવી યુનિવર્સિટીઓએ એક અઠવાડિયામાં એન્ટ્રન્સ ટેસ્ટ તથા પ્રોવિઝનલ મેરીટ લિસ્ટ બનાવવાની પ્રક્રિયા પૂર્ણ કરવાની રહેશે.<br>અન્ય તમામ યુનિવર્સિટીઓએ આ સમયગાળામાં પ્રોવિઝનલ મેરીટ લિસ્ટ બનાવવાનું રહેશે. | ઉપરોક્ત ક્રમાંક (૨) અને (૩)માં દર્શાવેલ સમયગાળામાં પૂર્ણ કરવું |
| ૫ | ગુજરાત બોર્ડ (GSHSEB) ધોરણ ૧૨નું પરિણામ જાહેર થયાના ત્રણ અઠવાડિયામાં તમામ યુનિવર્સિટીઓએ પ્રોવિઝનલ મેરીટ લિસ્ટ એક સાથે જાહેર કરવાનું રહેશે. | ઉપરોક્ત ક્રમાંક (૨), (૩) અને (૪) માં દર્શાવેલ સમયગાળા સહિત ગુજરાત બોર્ડ (GSHSEB) ધોરણ ૧૨નું પરિણામ જાહેર થયાના ત્રણ અઠવાડિયામાં |
| ૬ | વિદ્યાર્થીઓને પ્રોવિઝનલ મેરીટ લિસ્ટ બાબતે જો કોઈ ગ્રીવન્સ હોય તો તે અંગે પ્રોવિઝનલ મેરીટ લિસ્ટ જાહેર થયા બાદ દિન-૨માં જે તે યુનિવર્સિટી/કોલેજના ગ્રીવન્સ સેલમાં જઇ રજૂઆત કરવાની રહેશે. | દિન-(૨)માં |
| ૭ | ઉપર ક્રમાંક-૬ માં ફાળવેલ ગ્રીવન્સના દિન-૨ બાદ યુનિવર્સિટી/કોલેજ દ્વારા ફાઇનલ મેરિટ લીસ્ટ અને અલોટમેન્ટ જાહેર કરવાનું રહેશે. | દિન-(૨)માં |
| ૮ | વિદ્યાર્થીઓને જે કોલેજ કે યુનિવર્સિટી માં પ્રવેશ મળેલ છે તેમની સૂચના મુજબ ફી ભરવાની રહેશે. | દિન-(૨)માં |

| | |
|---|---|
| ૯ | ઉપરોક્ત ક્રમ-૧ થી ક્રમ-૮ માં દર્શાવેલ સમયગાળા બાદ જો યુનિવર્સિટીઓને જરૂરીયાત હોય તો પ્રવેશ પ્રક્રિયાના દ્વિતીય અને તૃતીય રાઉન્ડ બન્ને રાઉન્ડ મળીને વધુમાં વધુ દિન-૧૦ ની સમય મર્યાદામાં આ કાર્યવાહી પૂર્ણ કરવાની રહેશે. |
| ૧૦ | ગુજરાત બોર્ડ (GSHSEB) ધોરણ-૧૨નું પુરક પરીક્ષાનું પરિણામ આવી ગયા પછી GCAS પોર્ટલ ફરી દિન-(૫) માટે ઓપન થશે. આ સમયગાળા દરમ્યાન પુરક પરીક્ષામાં ઉતીર્ણ થયેલ તેમજ જે વિદ્યાર્થીઓનું અગાઉની પ્રવેશ પ્રક્રીયામાં અરજી કરવાની બાકી રહી ગઈ હોય તેવા વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે, અને આવા તમામ વિદ્યાર્થીઓના પ્રવેશની પ્રક્રિયા યુનિવર્સિટીએ દિન-(૫) માં પૂર્ણ કરવાની રહેશે. |

(ઉપરોક્ત ક્રમ (૧) થી (૧૦) માં દર્શાવેલ સમયગાળામાં જાહેર રજાનો સમાવેશ કરેલ છે.)

ઉક્ત સમયપત્રક મુજબ સદર પોર્ટલ પર વિદ્યાર્થીની અરજીના રજીસ્ટ્રેશન બાદ તે અંગેની સંપૂર્ણ માહિતી સંલગ્ન યુનિવર્સિટીઓને લોગ ઇન આઈ.ડી. માં ઉપલબ્ધ કરાવવામાં આવશે. યુનિવર્સિટીઓએ પોતાના વિવિધ ડિગ્રી અભ્યાસક્રમોની પ્રવેશ પ્રક્રિયા માટે સંપૂર્ણ સ્વાયત્તતાપૂર્વક, સરકારશ્રીના પ્રવર્તમાન નિયમાનુસાર મેરીટ લીસ્ટ તૈયાર કરી પુરક પરીક્ષા સિવાયના તમામ વિદ્યાર્થીઓની પ્રવેશ પ્રક્રિયા મહત્તમ ત્રણ રાઉન્ડમાં પૂર્ણ કરવાની રહેશે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(મનોજ વાઘ)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન. શિક્ષણ મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક શિક્ષણ મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી, બ્લોક નં.૧૨, બીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- અંગત મદદનીશશ્રી,અગ્ર સચિવશ્રી(ઉ અને ટે.શિ),શિક્ષણ વિભાગ,બ્લોક નં-૫/૮, સચિવાલય, ગાંધીનગર
- એડવાઇઝરશ્રી, કે.સી.જી., પ્રજ્ઞાપુરમ, એલ. ડી.ઇજનેરી કોલેજ કેમ્પસ, પી.આર.એલ.ની સામે, નવરંગપુરા, અમદાવાદ
- રજિસ્ટ્રારશ્રી, તમામ યુનિવર્સિટી (કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી મારફત)
- સેકશન અધિકારીશ્રી, (ખ અને ખ-૨ શાખા), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- શાખા સિલેક્ટ ફાઇલ